**ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબની ઉચ્ચક નાણાંકીય સહાયની અરજીઓ બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૦૧/૨૦૨૧

વંચાણે લીધા :-

(૧) સા.વ.વિભાગનો તા.૫-૭-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૨) સા.વ.વિભાગનો તા.૧૩-૧૦-૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૩) સા.વ.વિભાગનો તા.૭-૪-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૪) સા.વ.વિભાગનો તા.૨૦-૭-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક
(૫) સા.વ.વિભાગનો તા.૨૧-૮-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૬) સા.વ.વિભાગનો તા.૨૫-૦૬-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-પાર્ટ-૧-ક
(૭) સા.વ.વિભાગનો તા.૨૭-૦૭-૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

## પરિપત્ર

સરકારશ્રીના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી તેમજ ત્યારબાદ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) થી ક્રમ (૭) પરનાં વખતોવખતનાં ઠરાવોથી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવાની યોજના અને તે સંદર્ભેની આનુષાંગિક સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉચ્ચક નાણાકીય સહાયની યોજનાનો મૂળ હેતુ સ્વ. કર્મચારીશ્રીનાં આશ્રિતને નાણાકીય ભીંસમાં રાહત આપવાનો અને આવી પડેલ આકસ્મિક કટોકટીમાં પહોંચી વળવા માટે મદદરૂપ થવાનો છે. પરંતુ અત્રે ધ્યાને આવેલ છે કે હજુ પણ રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાં ઉચ્ચક નાણાકીય સહાય યોજના હેઠળનાં અનિર્ણિત કેસો ઘણાં લાંબા સમયથી પડતર છે, જે કેસોનો અલગ-અલગ કારણોસર નિકાલ થઈ શકેલ નથી, જેનાં કારણે સરકારશ્રીનો ઉચ્ચક નાણાકીય સહાયની યોજના દાખલ કરવાનો શુભ આશય ખરા અર્થમાં ફળીભૂત થતો નથી. જે ધ્યાને લેતાં, નીચે મુજબની સુચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાં ઉચ્ચક નાણાકીય સહાય યોજના હેઠળનાં હાલ અનિર્ણિત પડતર તમામ કેસોની સમીક્ષા કરી, આ તમામ કેસોનો તાત્કાલિક ધોરણે નિયમોનુસારની વિચારણા / કાર્યવાહી કરી નિકાલ કરવાનો રહેશે.

વધુમાં, જે અનિર્ણિત પડતર કેસો માત્ર આનુષાંગિક માહિતીની પૂર્તતાના અભાવે પડતર હોય, તેવા તમામ કેસોમાં સંબંધિત વહીવટી વિભાગ / ખાતાનાં વડાની કચેરી / સંબંધિત કચેરીએ

સ્વ. કર્મચારીશ્રીનાં આશ્રિત કુટુંબ સાથે તુરત જ સંપર્ક કરી, ખુટતી વિગતો મેળવી, સંબંધિત કેસોનો નિયમોનુસાર નિકાલ કરવાનો રહેશે.

(૨) સ્વ. કર્મચારીશ્રી અવસાન સમયે જે વહીવટી વિભાગ / ખાતાનાં વડાની કચેરી / સંબંધિત કચેરીમાં નોકરી કરતા હોય તે વહીવટી વિભાગ / ખાતાનાં વડાની કચેરી / સંબંધિત કચેરીએ સંબંધિત કર્મચારીશ્રીનું અવસાન થતાંની સાથે તેઓનાં આશ્રિત કુંટુંબનાં લાયક સભ્યની ઉચ્ચક નાણાકીય સહાય મેળવવા અંગેની અરજી સત્વરે મેળવી લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

પરમ સમ્માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.

ગુજરાત વિધાનસભાના માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

•સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

•સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

•રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

•સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.

•સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

•સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

•સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).

સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.

સીલેક્ટ ફાઇલ.

વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

• પત્ર દ્વારા